# ગુજરાતનો મહાસંગ્રામ 2012

# સોનિયા, મનમોહનસિંહ અને રાહુલ ગાંધી પ્રચારમાં જોડાશે

## સંજય દત્ત, મોહમ્મદ અઝરૂદ્દીન, રાજબબ્બર અને કોંગ્રેસ શાસિત રાજ્યોના ઘણા મુખ્યમંત્રી ઝંઝાવતી પ્રચાર કરશે



અમદાવાદ, તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે પોતાના ૪૦ જેટલા સ્ટાર પ્રચારકોની યાદી ચૂંટણીપંચને આપી છે. જેમાં કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી, વડાપ્રધાન ડો. મનમોહનસિંહ, રાહુલ ગાંધી, ફિલ્મ અભિનેતા સંજય દત્ત, કેન્દ્રીય પ્રધાનો તેમજ કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓનો સમાવેશ થાય છે.

પ્રદેશ કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના સ્ટાર પ્રચારકો ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરવા માટે આવશે. ૪૦ જેટલા પ્રચારકોની યાદી ચૂંટણી પંચને આપી દીધી છે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીની ચારથી પાંચ સભાઓ ગ્રામીણ વિસ્તારોમાં જ યોજાશે. મહાનગરોમાં રાહુલ ગાંધી અને વડાપ્રધાન ડો. મનમોહનસિંહ ચૂંટણી સભાઓને સંબોધશે. અમદાવાદ અને રાજકોટમાં વડાપ્રધાન ઉદ્યોગપતિઓ વેપારીઓને સંબોધશે. પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ યોજાશે. જ્યારે રાહુલ ગાંધીની સભાઓમાં યુવા મતદારોને એકઠા કરાશે.આ ઉપરાંત કોંગ્રેસના દિગ્ગજ ગણાતા અગ્રણીઓ સુશીલકુમાર શિંદે, ગુલામનબી આઝાદ, અહેમદ પટેલ, ડો. સી. પી. જોશી, સલમાન ખુરશીદ, દિનશા પટેલ, મુકુલ વાસનીક, મોહનપ્રકાશ, દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીત, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ, તથા બી. એસ. હુડા, અશોક તન્વર, સચિન પાયલોટ, જ્યોતિરાદિત્ય સિંધીયા, આરપીએનસિંહ, જિતેન્દ્રસિંહ, નમો નારાયણ મીના, રાજીવ શુકલા, મનીષ તિવારી, રાજબબ્બર, ક્રિકેટર મોહમ્મદ અઝરૂદીન, ફિલ્મ અભિનેતા સંજય દત્ત તેમજ પ્રદેશના અગ્રણીઓ સ્ટાર પ્રચારકમાં સમાવેશ થાય છે.

### વિરોધીઓને સમજાવવા કોંગ્રેસ કવાયત કરશે

# કોંગ્રેસે બીજી યાદી જાહેર નહીં કરે, ઉમેદવારને જ જાણ કરાશે


## પસંદ કરવામાં આવેલા તમામ ઉમેદવારોને આજે મેન્ડેટ આપી દેવાશે : વિરોધને ટાળવાના હેતુસર નિર્ણય કરાયો

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીમાં કોંગ્રેસના ૬૦ જેટલા ઉમેદવારો પસંદ કરવાના હજુ બાકી છે. જો કે કોંગ્રેસ હાઈકમાન્ડે બાકીના તમામ ઉમેદવારોના નામ પર લીલીઝંડી આપી દીધી છે પણ કોંગ્રેસ સત્તાવાર યાદી જાહેર કર્યા વિના જે ઉમેદવારો પસંદ કરાયા છે. તેમને મેન્ડેટ આપવા જ બોલાવશે.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસની પ્રથમ યાદી જાહેર થતાં જ કેટલાક ઉમેદવારોને ટિકીટ નહીં મળતાં પ્રચંડ વિરોધ ઊભો થયો હતો. કેટલાક ટિકિટ વાંચ્છુઓના સમર્થકોએ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન સામે દેખાવો અને સૂત્રોચ્ચારો પણ કર્યા હતા. જેનાથી કોંગ્રેસની ઈમેજ ચૂંટણીટાણે જ ખરડાઈ હતી. બીજા તબક્કાની ચૂંટણીમાં કોંગ્રેસના ૬૦ જેટલા ઉમેદવારોના નામો જાહેર કરવાના બાકી છે. આજે રાત્રે કોંગ્રેસ હાઈકમાન્ડે બાકીના તમામ ઉમેદવારોના નામોને મંજૂરી આપી દીધી છે. પણ કોંગ્રેસ દ્વારા સત્તાવાર રીતે ૬૦ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે નહીં. પરંતુ જે તે બેઠક પર ઉમેદવારોની પસંદગી થઈ છે તે ઉમેદવારોને વ્યક્તિગત જાણ કરી મેન્ડેટ લેવા માટે બોલાવવામાં આવશે. બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦મી નવેમ્બરે શુક્રવારે છે એટલે કોંગ્રેસ દ્વારા આવતીકાલે તમામ ૬૦ ઉમેદવારોને મેન્ડેટ આપી દેવામાં આવશે. એટલે કઈ બેઠક પર ક્યા ઉમેદવારને પસંદ કરાયા તે ઉમેદવાર ફોર્મ ભરવા જશે ત્યારે ખબર પડશે.

ગુજરાત કોંગ્રેસમાં મૂળ શંકરસિંહ વાઘેલા જૂથના દલિત આગેવાન ગણાતા ગીરીશ પરમાર ભાજપમાં જોડાતા હજુ કેટલાક મોટા માથાઓ ભાજપમાં જોડાશે અને આ તો માત્ર ટ્રેલર છે 'પિક્ચર તો અભી બાકી હૈ મેરે દોસ્ત' તેવી ભારે રમૂજભરી અટકળો રાજકીય વર્તુળોમાં વહેતી થઈ હતી. દલિતોના દબદબાવાળી અમદાવાદની દાણીલીમડાની બેઠક માટે કોંગ્રેસ પક્ષે શૈલેષ પરમારની પસંદગી કરી હોવાથી ગીરીશ પરમાર સહિત કોંગ્રેસના પ્રવક્તા જયંતિ પરમાર વગેરેએ તેમના હોદ્દા પરથી રાજીનામા આપી દીધા હતા. તેમ છતાં કોંગ્રેસના હાઈકમાન્ડ તથા પ્રદેશ નેતાઓએ આ બન્ને દલિત નેતાઓના વિરોધની નોંધ સુદ્ધા લીધી ન હોવાથી આખરે ગીરીશ પરમારે ભાજપ તરફ નજર ફેરવી હતી. ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પરસોત્તમ રૂપાલા તથા રમતગમત મંત્રી ફકીરભાઈ વાઘેલા સાથે મિટીંગ થયા બાદ અને ભાજપના ઉમેદવાર તરીકે દાણીલીમડાની ટિકીટ આપવાની ખાતરી મળ્યા બાદ ગીરીશ પરમાર તેમના અન્ય ટેકેદારો સાથે આજે વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા.



### અમિતશાહ નારણપુરામાંથી ચૂંટણી લડશે

# ભાજપની બીજા ચરણની યાદી

ભાજપે આજે વિધાનસભાની ચૂંટણીની બીજા તબક્કાની ૮૯ ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી હતી. દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં યાદી અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો આ મિટિંગમાં ભાજપ સંસદીય પાર્ટીના નેતા અડવાણી, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ભાજપની કેન્દ્રિય ચૂંટણી સમિતિના તમામ સભ્યો પણ હાજર રહ્યા હતા.

**બીજા તબક્કાના ઉમેદવારોની યાદી**

| બેઠક નંબર | નામ | ઉમેદવાર |
|---|---|---|
| ૧. | અબડાસા | જયંતિભાઈ પી. ભાનુશાળી |
| ૨. | માંડવી | તારાચંદ છેડા |
| ૩. | ભુજ | ડૉ. નીમાબેન આચાર્ય |
| ૪. | અંજાર | વાસણભાઈ આહીર |
| ૫. | ગાંધીધામ(એસસી) | રમેશભાઈ મહેશ્વરી |
| ૬. | રાપર | વાઘજીભાઈ પટેલ |
| ૭. | વાવ | શંકરભાઈ ચૌધરી |
| ૮. | થરાદ | પરબતભાઈ સવાભાઈ પટેલ |
| ૯. | ધાનેરા | વસંતભાઈ પુરોહિત |
| ૧૦. | દાંતા(એસટી) | ગમાજી ખરાડી |
| ૧૧. | વડગામ(એસસી) | ફકીરભાઈ વાઘેલા |
| ૧૨. | પાલનપુર | ગોવિંદભાઈ પ્રજાપતિ |
| ૧૩. | ડીસા | લીલાધર વાઘેલા |
| ૧૪. | દિયોદર | કેશાજી શિવાજી ચૌહાણ |
| ૧૫. | કાંકરેજ | કિર્તીસિંહ વાઘેલા |
| ૧૬. | રાધનપુર | નાગરજી ઠાકોર |
| ૧૭. | ચાણસ્મા | દિલીપસિંહ વીરાજી ઠાકોર |
| ૧૮. | પાટણ | રણછોડભાઈ રબારી |
| ૧૯. | સિદ્ધપુર | જયનારાયણ વ્યાસ |
| ૨૦. | ખેરાલુ | ભરતસિંહ ડાભી |
| ૨૧. | ઊંઝા | નારણભાઈ પટેલ |
| ૨૨. | વિસનગર | ઋષિકેશ પટેલ |
| ૨૩. | બેચરાજી | રજનીભાઈ એસ.પટેલ |
| ૨૪. | કડી (એસસી) | હિતેશ કનોડિયા |
| ૨૫. | મહેસાણા | નીતિનભાઈ પટેલ |
| ૨૬. | વિજાપુર | કાંતિલાલ આર. પટેલ |
| ૨૭. | હિંમતનગર | પ્રફુલ્લ પટેલ |
| ૨૮. | ઈડર (એસસી) | રમણલાલ વોરા |
| ૨૯. | ખેડબ્રહ્મા (એસટી) | ભોજાભાઈ મકવાણા |
| ૩૦. | ભિલોડા (એસટી) | લીલાબેન મોડિયા |
| ૩૧. | મોડાસા | દિલીપસિંહ પરમાર |
| ૩૨. | બાયડ | ઉદેસિંહ ઝાલા |
| ૩૭. | માણસા | ડી.ડી. પટેલ |
| ૩૮. | કલોલ | ડૉ. અતુલભાઈ પટેલ |
| ૪૧. | ઘાટલોડિયા | આનંદીબેન પટેલ |
| ૪૨. | વેજલપુર | અમિત પોપટલાલ શાહ |
| ૪૩. | વટવા | પ્રદિપસિંહ જાડેજા |
| ૪૪. | એલિસબ્રિજ | રાકેશ શાહ |
| ૪૫. | નારણપુરા | અમિત એ. શાહ |
| ૪૬. | નિકોલ | જગદીશ પંચાલ |
| ૪૭. | નરોડા | ડૉ. નિર્મલાબેન વાઘવાણી |
| ૪૮. | ઠક્કરબાપાનગર | વલ્લભભાઈ કાકડિયા |
| ૪૯. | બાપુનગર | જગરૂપસિંહ રાજપૂત |
| ૫૦. | અમરાઈવાડી | હસમુખ એસ. પટેલ |
| ૫૧. | દરિયાપુર | ભરત બારોટ |
| ૫૨. | જમાલપુર-ખાડિયા | ભૂષણ એ. ભટ્ટ |
| ૫૪. | દાણીલીમડા(એસસી) | ગિરીશ પરમાર |
| ૫૫. | સાબરમતી | અરવિંદભાઈ પટેલ |
| ૫૬. | અસારવા(એસસી) | આર. એમ. પટેલ |
| ૫૭. | દસક્રોઈ | બાબુ જમનાદાસ પટેલ |
| ૧૦૮. | ખંભાત | સંજય પટેલ |
| ૧૦૯. | બોરસદ | નયનાબેન સોલંકી |
| ૧૧૦. | આંકલાવ | જસવંતસિંહ સોલંકી |
| ૧૧૧. | ઉમરેઠ | ગોવિંદભાઈ આર. પરમાર |
| ૧૧૨. | આણંદ | દિલીપભાઈ એમ. પટેલ |
| ૧૧૩. | પેટલાદ | દિપક પટેલ |
| ૧૧૪. | સોજીત્રા | વિપુલ પટેલ |
| ૧૧૫. | માતર | દેવુસિંહ ચૌહાણ |
| ૧૧૬. | નડિયાદ | પંકજ વી. પટેલ |
| ૧૧૭. | મહેમદાવાદ | સુંદરસિંહ ચૌહાણ |
| ૧૧૮. | મહુધા | ખુમાનસિંહ આર. સોઢા |
| ૧૧૯. | ઠાસરા | પ્રતિક્ષાબેન ટી. પરમાર |
| ૧૨૦. | કપડવંજ | કનભાઈ ભુલાભાઈ ડાભી |
| ૧૨૧. | [redacted] | |
| ૧૨૨. | [redacted] | |
| ૧૨૩. | [redacted] | |
| ૧૨૪. | [redacted] | |
| ૧૨૫. | [redacted] | |
| ૧૨૬. | [redacted] | |
| ૧૨૭. | [redacted] | |
| ૧૨૮. | [redacted] | |
| ૧૨૯. | [redacted] | |
| ૧૩૧. | [redacted] | |
| ૧૩૨. | [redacted] | |
| ૧૩૩. | [redacted] | |
| ૧૩૪. | [redacted] | |
| ૧૩૫. | [redacted] | |
| ૧૩૬. | [redacted] | |
| ૧૩૭. | [redacted] | |
| ૧૩૮. | [redacted] | |
| ૧૩૯. | [redacted] | |
| ૧૪૦. | [redacted] | |
| ૧૪૧. | [redacted] | |
| ૧૪૨. | [redacted] | |
| ૧૪૩. | [redacted] | |
| ૧૪૪. | [redacted] | |
| ૧૪૫. | [redacted] | |
| ૧૪૬. | [redacted] | |
| ૧૪૭. | [redacted] | |

## સિદ્ધુ આજે ત્રણ સ્થાનો પર કુલ જાહેરસભા સંબોધશે

અમદાવાદ, તા. ૨૮

ભાજપાના પ્રદેશ મિડિયા ઇન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે જાણીતા ટેસ્ટ ક્રિકેટર ભાજપાના રાષ્ટ્રીય મંત્રી અને અમૃતસરના સાંસદ તેમજ તેજાબી વક્તા નવજોતસિંઘ સિદ્ધુ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પ્રચારાર્થે આવતીકાલે ૨૯ નવેમ્બરના રોજ આવશે અને ત્રણ સ્થાનો પર જાહેરસભાને સંબોધશે. નવજોતસિંઘ સિદ્ધુ બપોરે ૨.૧૫ કલાકે બોટાદમાં ૪.૦૦ કલાકે વિસાવદરમાં અને સાંજે ૬.૧૫ કલાકે સાવરકુંડલામાં સભાને સંબોધી કમળલહેર ઊભી કરવા પ્રજાજનોને આહવાન કરશે.

### રાજ્યમાં ૧૦ વર્ષમાં ૧૨૫૫૬૪૪ ગુના નોંધાયા

# ભાજપના શાસનમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી છે

## ૧૦ વર્ષમાં ખૂનના ૧૨૬૪૯, બળાત્કારના ૩,૭૭૬ અને અપહરણના ૧૩૫૨૬ બનાવો બન્યા : કોંગ્રેસના આક્ષેપ

અમદાવાદ, તા. ૨૮

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત કથળી ગઈ છે. અને એક વ્યક્તિ સલામત અને સમગ્ર ગુજરાત અસલામત જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે તે માટે માત્રને માત્ર ભાજપ શાસનની વહીવટી નિષ્ક્રિયતા જવાબદાર હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દિવસે દિવસે કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે. ખુલ્લેઆમ ચેઈન ચીલઝડપ, ખૂન, બળાત્કાર, સામૂહિક આપઘાત, દલિત-આદિવાસી પર ખુલ્લા હુમલા જેવા અત્યંત ગંભીર ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં રોજ ૨૦ જણા ગુમ થાય છે. માનવ તસ્કરીને છૂટો દોર હોઈ અને માત્ર મોદી સલામત અન બીજા અસલામતની જેમ ગુજરાતમાં સબસલામત જેવી સરકાર આલબેલ પોકારે છે. પાંચ વર્ષમાં ૩૭૩૯૫ વ્યક્તિઓ લાપતા થયા છે. ૨૫૧૨ બાળકો, ૨૭૮૦ મહિલા અને ૨૩૩૭ પુરુષોનો આજદિન સુધી પત્તો નથી.

તેમણે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર અને ખાસ કરીને મુખ્યમંત્રીના વિસ્તારની નજીક જ ગેંગવોરના બનાવો ધોળે દિવસે બની રહ્યાં છે. અને ભાજપ સરકાર આંખ આડા કાન કરી રહી છે. ભાજપ સરકારે સત્તામાં આવવા માટે સલામત ગુજરાતની અને ભયમુક્ત ગુજરાતની વાતો કરીને મતદારો પાસેથી મત માંગ્યા હતા. પણ વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન રાજ્યમાં ગુનાઓની સમીક્ષા કરતા જુદા જુદા આઈ.પી.સી. પ્રમાણે ૧૨,૫૫,૬૪૪ ગુનાઓ નોંધાયા છે. ૨૦૦૧ થી ૨૦૧૧ના સમયગાળામાં ૧૨૬૪૯ ખૂન નોંધાયા છે. એટલે કે દરરોજ ત્રણ કરતા વધારે ખૂન થયા છે. ખૂનના પ્રયાસના ૫૫૬૦ બનાવો બન્યા છે. બળાત્કારના ૩૭૭૬ બનાવો બન્યા છે. સ્ત્રીઓ અને છોકરીઓના અપહરણના ૧૧૩૯૧ ગુનાઓ નોંધાયા અને કુલ અપહરણના ૧૩૫૨૬ બનાવો બન્યા છે. ૨૦૦૧ થી ૨૦૧૧ના ગાળામાં બળાત્કારના કેસો વધ્યા, સ્ત્રીઓ અને છોકરીઓના અપહરણના બનાવોમાં વધારો થયો. ગુજરાતમાં ૩,૫૫૫ ગુનાઓ ધાડના બનેલા છે. ૧૩૦૧૮ લૂંટના બનાવો ગુજરાતમાં બનેલા છે. ૧૯૭૨૫૫ ચોરીના બનાવો બનવા પામ્યા છે.